# મહેસૂલી કર્મચારીઓની હડતાળ શરૂ

**નાયબ** મામલતદાર, રેવન્યુ તલાટી અને કારકુનો જોડાયા

**આવક**-જાતિના દાખલા સહિતની કામગીરી ઠપ થતાં અરજદારો પરેશાન

અમદાવાદઃ રાજ્યના મહેસૂલ વિભાગના વર્ગ-3ના કર્મચારીઓએ પોતાની પડતર માગણીઓના નિરાકરણની માંગ સાથે અચોક્કસ મુદતની રાજ્યવ્યાપી હડતાળ શરૂ કરી છે. નાયબ મામલતદાર, રેવન્યુ તલાટી અને રેવન્યુ કારકુન સહિતના હજારો કર્મચારીઓ હડતાળમાં જોડાતા વિવિધ મહેસૂલી કચેરીઓમાં કામગીરી પર અસર પડી છે. કર્મચારીઓની મુખ્ય માગણીઓમાં વર્ષ 2012થી પેન્ડિંગ નાયબ મામલતદારોના પ્રમોશન, રેવન્યુ તલાટીઓ પરનું કામનું ભારણ ઘટાડવું અને અન્યાયી બદલીઓ રદ કરવાનો સમાવેશ થાય છે. કર્મચારીઓના જણાવ્યા મુજબ અગાઉ માસ સી.એલ. દ્વારા સરકારનું ધ્યાન દોર્યા બાદ પણ માગણીઓનો સંતોષકારક ઉકેલ ન આવતા અચોક્કસ મુદતની હડતાળનું પગલું ભરવામાં આવ્યું છે.

રાજ્યભરના રેવન્યુ કર્મચારીઓએ પોતાની પડતર માગણીઓના નિરાકરણની માંગ સાથે આજથી અચોક્કસ મુદ્દતની હડતાળ પર ઉતરી પડ્યા છે. અમદાવાદ, ગાંધીનગર સહિતના જુદા જુદા જિલ્લામાં કર્મચારીઓએ ધરણા પ્રદર્શન કર્યાં હતા. છોટાઉદેપુર અને નસવાડીમાં જિલ્લા સેવાસદન ખાતે આશરે 300 જેટલા કર્મચારીઓ પ્લેકાર્ડ સાથે હડતાળ પર બેઠા હતા. નસવાડી તાલુકા સેવાસદનના કર્મચારીઓ પણ હડતાળમાં જોડાતા આદિવાસી વિસ્તારના ગામોના અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બનાસકાંઠાના વાવ-થરાદ પંથકમાં પણ રેવન્યુ કર્મચારીઓએ કચેરીની કામગીરીનો બહિષ્કાર કરી વિરોધ નોંધાવ્યો હતો. રેવન્યુ કર્મચારીઓની હડતાળને પગલે વિદ્યાર્થીઓ માટેના આવકના દાખલા, જાતિના પ્રમાણપત્રો તેમજ જમીન અને મહેસૂલને લગતી વિવિધ કામગીરી અટકી પડી છે. પરિણામે જરૂરી કામ માટે સરકારી કચેરીઓમાં આવતા અરજદારોને મુશ્કેલી પડી રહી છે. રેવન્યુ કર્મચારી મંડળે જણાવ્યું હતુ કે કે તેમની 14 જેટલી પડતર માગણીઓનું સંતોષકારક અને કાયમી નિરાકરણ નહીં આવે ત્યાં સુધી રાજ્યવ્યાપી અચોક્કસ મુદતની હડતાળ ચાલુ રહેશે.

# નવરાત્રિ-દિવાળીની રજાઓમાં ગુજરાતનાં જંગલો પ્રવાસીઓ માટે ખુલ્લાં મુકાશે

**9** ઓક્ટોબરથી રાજ્યનાં તમામ અભયારણ્ય અને નેશનલ પાર્કમાં પ્રવાસીઓને પ્રવેશ

**વરસાદી** સિઝન પૂર્ણ થતાં રસ્તાઓ પણ અનુકૂળ બન્યા, સ્થાનિકોને રોજગારીની તક વધશે

**દેશના** પ્રતિષ્ઠિત વન્ય વિસ્તારોમાં બે દિવસથી પ્રવેશ શરૂ કરી દેવાયો

ગાંધીનગરઃ નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં ગુજરાતના જંગલોની સફર કરવા માંગતા પ્રવાસીઓ માટે ખુશખબર છે. રાજ્યના તમામ અભયારણ્ય અને નેશનલ પાર્ક આગામી 9 ઓક્ટોબર, 2026થી પ્રવાસીઓ માટે ખુલ્લા મુકાશે. વરસાદી સિઝન પૂર્ણ થયા બાદ અભયારણ્યો અને નેશનલ પાર્કમાં રોડ-રસ્તાની સ્થિતિ પ્રવાસન માટે અનુકૂળ બનતાં વન વિભાગે આ નિર્ણય લીધો છે.

સચિવાલયના વન વિભાગના જણાવ્યા મુજબ, પ્રવાસીઓને વન્યજીવોને કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે તે રીતે નિર્ધારિત માર્ગદર્શિકા અને નિયમો મુજબ જ પ્રવેશ આપવામાં આવશે. તહેવારોની રજાઓ દરમિયાન દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ગુજરાતના વન્ય વિસ્તારોની મુલાકાત લે તેવી શક્યતા હોવાથી વન વિભાગે પ્રવાસન વ્યવસ્થાને પણ સુદ્દઢ બનાવવાની તૈયારી કરી છે. અભયારણ્ય અને નેશનલ પાર્ક ખુલ્લા થવાથી વન્યજીવન નિહાળવા આવતા પ્રવાસીઓને લાભ મળવાની સાથે આ વિસ્તારોમાં પ્રવાસન આધારિત નાના-મોટા વ્યવસાય સાથે સંકળાયેલા સ્થાનિકોને પણ રોજગારી અને આવકની નવી તકો મળશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતની સરખામણીએ દેશનાં કેટલાક પ્રતિષ્ઠિત વન્ય વિસ્તારોમાં પ્રવાસીઓ માટે પ્રવેશ અગાઉથી જ શરૂ થઈ ગયો છે. રણથંભોર ટાઈગર રિઝર્વ અને સરિસ્કા ટાઈગર રિઝર્વ (રાજસ્થાન), સાતપુરા ટાઈગર રિઝર્વ (મધ્યપ્રદેશ), બંદિપુર અને નાગરહોલ ટાઈગર રિઝર્વ (કર્ણાટક), પેન્ચ ટાઈગર રિઝર્વ તથા તાડોબા-અંધારી ટાઈગર રિઝર્વ (મહારાષ્ટ્ર) સહિત આશરે 9 વન્ય વિસ્તારો 1 ઓક્ટોબરથી પ્રવાસીઓ માટે ખુલ્લા મુકાયા છે.

## ગુજરાત હાઈકોર્ટના ચુકાદા હવે પડતર નહીં રહે, સરકારે SOP બનાવી

ગાંધીનગરઃ ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓના અમલમાં થતા વહીવટી વિલંબને અટકાવવા રાજ્ય સરકારે તમામ વહીવટી વિભાગો માટે સ્પષ્ટ અને સમયબદ્ધ એસઓપી નક્કી કરી છે. હવે હાઈકોર્ટનો ચુકાદો મળ્યા બાદ સંબંધિત વિભાગે તેને સ્વીકારીને અમલ કરવો છે કે તેની સામે અપીલ કરવી છે તે અંગે નિયત સમયમર્યાદામાં નિર્ણય લેવો પડશે. સમયમર્યાદા ચૂકી જવાના કારણે અદાલતી અવમાનનાની સ્થિતિ ઊભી થાય નહીં તે માટે જવાબદારી પણ નક્કી કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ આ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. કાયદા વિભાગના તાજેતરના પરિપત્રમાં હાઈકોર્ટના ચુકાદા બાદ વિભાગોએ કઈ રીતે અને કેટલા સમયમાં કાર્યવાહી કરવી તેની પ્રક્રિયા સ્પષ્ટ કરવામાં આવી છે.

### સમયમર્યાદા ચૂકી તો અધિકારીની જવાબદારી

સરકારે સ્પષ્ટ કર્યું છે કે નિયત સમયમર્યાદાના ઉલ્લંઘન માટે કોઇ અધિકારી જવાબદાર જણાશે તો લાગુ નિયમો મુજબ કાર્યવાહી કરવાની જવાબદારી સંબંધિત વિભાગના વડાની રહેશે. રેકોર્ડ ઉપલબ્ધ ન હોવા, સેવા સંબંધિત માહિતીનો અભાવ અથવા અન્ય વ્યવહારુ કારણોસર હાઈકોર્ટના આદેશનો સમયસર અમલ શક્ય ન હોય તો વિભાગે હાઈકોર્ટમાં Time Extension દાખલ કરીને વધારાનો સમય માંગવો પડશે.

# 'વારાણસીથી વડનગર સેવા યાત્રા' સમાપ્ત

**'We** Will Do It'ના સંકલ્પ સાથે ગુજરાતની યુવા શક્તિ વિકસિત ભારત માટે અગ્રેસર રહેશે: સીએમ

ગાંધીનગરઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનના 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાયેલા દેશવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત નીકળેલી 'વારાણસીથી વડનગર સેવા યાત્રા'નો વડનગરમાં ભવ્ય સમાપન સમારોહ યોજાયો હતો. વારાણસીથી શરૂ થયેલી આ યાત્રામાં 500 જેટલા બાઈકર્સે 10 રાજ્યોનાં સેંકડો ગામો અને શહેરોમાં પ્રવાસ કરી સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, નશામુક્તિ અને જનસંવાદ સહિતના સેવા કાર્યો કર્યા હતા.

સમાપન સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ રાજ્યોમાંથી આવેલા બાઈકર્સ અને સેવા યાત્રીઓનું મહાનુભાવોએ સન્માન કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, 7 ઓક્ટોબર 2001ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરૂ થયેલી નરેન્દ્ર મોદીની સેવાયાત્રાને આજે 25 વર્ષ પૂર્ણ થયાં છે. તેમણે સત્તાને પદ નહીં પરંતુ સેવાનું સાધન બનાવીને ગરીબો, ખેડૂતો, મધ્યમ વર્ગ, મહિલાઓ અને યુવાનોને વિકાસમાં ભાગીદાર બનાવ્યા હોવાનું જણાવ્યું હતું. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે વારાણસીથી વડનગર સેવા યાત્રાએ દેશની અખંડિતતા, સામાજિક સમરસતા અને સાંસ્કૃતિક ચેતનાને નવી ઊર્જા આપી છે.

# ટાટા ઉદ્યોગ સમૂહની લડાઈ ટાટા સન્સના લિસ્ટિંગ પર અટકી છે



ટાટા ઉદ્યોગ જૂથની સ્થાપના થઈ ત્યારથી તેના વહીવટદારો તેને એક કૌટુંબિક જાગીરની જેમ ચલાવતા આવ્યા છે. જો કે ટાટા જૂથની કંપનીઓ શેર બજારમાં લિસ્ટેડ હોવાથી તે જાહેર જનતા પાસેથી મૂડી પણ એકઠી કરીને તેના થકી નફો કમાઈ રહી છે. ટાટા જૂથની કંપનીઓ શેર બજારમાં લિસ્ટેડ હોવા છતાં તેની હોલ્ડિંગ કંપની ટાટા સન્સ શેર બજારમાં લિસ્ટેડ નથી, જેને કારણે તેનો કન્ટ્રોલ ટાટા પરિવારના હાથમાં રહ્યો છે. હવે ભારતના કાયદાની પરિસ્થિતિ એવી પેદા થઈ છે કે ટાટા સન્સનું લિસ્ટિંગ કરાવવું અનિવાર્ય બની ગયું છે. જો ટાટા સન્સનું લિસ્ટિંગ થાય તો તેનો કન્ટ્રોલ ટાટા પરિવારના હાથમાંથી છૂટી જાય, માટે ટાટા સન્સના ચેરમેન નોએલ ટાટા તેનો વિરોધ કરી રહ્યા છે, પણ કંપનીના અન્ય ડિરેક્ટરો લિસ્ટિંગના પક્ષમાં જણાય છે. આ કારણે ટાટા સન્સના કેટલાક ડિરેક્ટરો અને ટાટા સન્સના ચેરમેન નોએલ ટાટા વચ્ચેનું યુદ્ધ ઉગ્ર બની રહ્યું છે.

ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટાએ સૂચન કર્યું છે કે ટાટા સન્સે તેની હોલ્ડિંગ કંપનીને લિસ્ટ કરવાને બદલે તેનું પુનર્ગઠન કરવાના વિકલ્પો પર વિચાર કરવો જોઈએ. આમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) ની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કંપનીને ઘણા ભાગોમાં વિભાજીત કરવાનો સમાવેશ થઈ શકે છે. ટાટા સન્સના સૌથી મોટા શેરધારકો ટાટાનાં ટ્રસ્ટો છે. તેઓ માને છે કે હોલ્ડિંગ કંપની અનલિસ્ટેડ રહેવી જોઈએ અને તેઓ RBI ની જરૂરિયાતો પૂરી કરવાના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. ૧૭ સપ્ટેમ્બરની બોર્ડ મીટિંગમાં નોએલ ટાટા અને ટાટા સન્સના બાકીના સભ્યો વચ્ચે તીવ્ર મતભેદો બહાર આવ્યા હતા. બાકીના સભ્યોએ એન. ચંદ્રશેખરનને ચેરમેન તરીકે ફરીથી નિયુક્ત કરવા અને લિસ્ટિંગ પ્રક્રિયા શરૂ કરવા માટે મતદાન કર્યું હતું. નોએલ ટાટાએ આ બંને પગલાંનો વિરોધ કર્યો હતો. RBIએ ટાટા સન્સને નોન-બેંકિંગ ફાઇનાન્સ કંપની (NBFC) તરીકે વર્ગીકૃત કરી છે, જેના કારણે તેને કડક નિયમોનો સામનો કરવો પડશે. ટાટા સન્સ આ વર્ગીકરણનાં પરિણામો પર વિચાર કરી રહી છે. RBIના નિર્દેશ સંબંધિત દરખાસ્ત પર કોઈ મતદાન થયું નથી. જો કે બેઠકમાં આ બાબતની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. નોએલ ટાટાએ સૂચન કર્યું હતું કે બંને પક્ષોએ આ બાબતની તપાસ કરવા માટે એક ટીમ બનાવવી જોઈએ.આ સમગ્ર ઘટના સપ્ટેમ્બર ૨૦૨૨ માં શરૂ થઈ હતી, જ્યારે RBI એ ટાટા સન્સને ઉચ્ચ સ્તરીય NBFC અને મુખ્ય રોકાણકાર કંપની તરીકે નિયુક્ત કરી હતી. ઉચ્ચ સ્તરીય NBFCs એવી કંપનીઓ છે જેમની સંપત્તિ ૧,૦૦૦ અબજ રૂપિયાથી વધુ હોય છે અને તેઓને દેશના નાણાંકીય માળખાં માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

RBIના નિયમો અનુસાર આવી કંપનીઓને ત્રણ વર્ષની અંદર સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટિંગ કરાવવું જરૂરી છે. એવું નથી કે ટાટા સન્સ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ શરૂઆતથી જ RBI નિયમોનું પાલન કરવાના પક્ષમાં હતું. શક્ય હોય ત્યાં સુધી તેમને મુલતવી રાખવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. કંપનીએ NBFC શ્રેણીમાંથી બહાર નીકળવા માટે ૨૦૨૪ માં તેનું દેવું ચૂકવીને CIS નોંધણી છોડી દેવાનો પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ RBI એ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ તે અરજી ફગાવી દીધી હતી. આરબીઆઈની દલીલ એવી છે કે ટાટા ગ્રુપની લિસ્ટેડ કંપનીઓ બજારમાંથી જાહેર ભંડોળ એકત્ર કરે છે અને તેમાંથી કેટલીક કંપનીઓ ટાટા સન્સમાં પણ હિસ્સો ધરાવે છે. આમ હોલ્ડિંગ કંપનીને જાહેર ભંડોળની પરોક્ષ એક્સેસ મળે છે. તેથી ટાટા સન્સ પર પણ નજીકથી અને કાળજીપૂર્વક દેખરેખ રાખવી જોઈએ.

ટાટા સ્ટીલ, ટાટા કેમિકલ્સ અને ટાટા પાવર જેવી લિસ્ટેડ કંપનીઓ ટાટા સન્સમાં હિસ્સો ધરાવે છે. નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે લિસ્ટિંગ પછી તેમના બજાર મૂલ્ય પર સકારાત્મક અસર પડશે.

ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

એકંદરે આ બધી કંપનીઓના મૂલ્યાંકનમાં વધારો થશે. વધુમાં સ્વતંત્ર ડિરેક્ટરોનો સમાવેશ કરવાથી તથા સેબીના નિયમો અનુસાર જાહેરાતો અને બજારના નિયમોનું પાલન કરવાથી સમગ્ર ટાટા ઉદ્યોગ જૂથમાં વહીવટમાં વધુ સુધારો થશે. ટાટા સન્સ સેમિકન્ડક્ટર અથવા એર ઇન્ડિયા જેવા મોટા પ્રોજેક્ટો માટે બજારમાંથી મૂડી એકત્ર કરી શકશે. એવું વ્યાપકપણે માનવામાં આવે છે કે ટાટા સન્સના લિસ્ટિંગથી બજાર અને રોકાણકારો બંનેને સીધો ફાયદો થશે. લિસ્ટિંગ પછી સામાન્ય રોકાણકારો TCS, ટાટા મોટર્સ અથવા ટાટા સ્ટીલ જેવી ગ્રુપની માતબર કંપનીઓથી આગળ વધીને મુખ્ય હોલ્ડિંગ કંપનીમાં પણ મોટું રોકાણ કરી શકશે.

નોએલ ટાટા અને ટાટા ટ્રસ્ટો દ્વારા લિસ્ટિંગના વિરોધ પાછળની સૌથી મોટી દલીલ એ છે કે તેઓ ટાટા સન્સમાં લગભગ ૬૬ ટકા હિસ્સો ધરાવે છે અને હાલમાં તેની કામગીરી પર તેમનો મહત્તમ અંકુશ છે. ટાટા સન્સના લિસ્ટિંગ પછી, બજાર નિયમનકારના મતે નોંધપાત્ર ફરક પડશે. ટાટા સન્સને બજારમાં લોન્ચ કર્યા પછી ત્રિમાસિક પરિણામો પર દબાણ આવશે, જેના કારણે લાંબા ગાળાની રોકાણ યોજનાઓનો અમલ કરવો મુશ્કેલ બનશે.

જેમ જેમ ટાટા સન્સ પર ટાટાનાં ટ્રસ્ટોનું નિયંત્રણ નબળું પડશે તેમ તેમ બીજી કંપનીઓ દ્વારા ટાટા જૂથની કંપનીઓના અનિચ્છનીય સંપાદનનું જોખમ વધશે. નોએલ ટાટા કહે છે કે આનાથી ટાટા સન્સનું સદી જૂનું સ્વરૂપ બદલાઈ જશે. તેમને ડર છે કે લિસ્ટિંગ પછી ટાટા સન્સ તેમના કન્ટ્રોલમાં નહીં રહે.

નિષ્ણાતો કહે છે કે ટાટા ગ્રુપ ટાટા સન્સનું લિસ્ટિંગ અટકાવવા તેનું વિવિધ રીતે પુનર્ગઠન કરી શકે છે. આમાં ડિમર્જર, પેટા કંપનીમાં સંપત્તિનું ટ્રાન્સફર, મર્જર અથવા વ્યાપક વ્યવસ્થા યોજનાનો સમાવેશ થાય છે. ટાટા સન્સના મોટા કદને જોતાં નિષ્ણાતો માને છે કે આવી કોઈ પણ પ્રક્રિયા નોંધપાત્ર રીતે RBI નિયમનકારી, વ્યાપારી અને કરવેરાના પ્રશ્નોનો સામનો કરી શકે છે. ટાટા સન્સ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટાટા કેપિટલ, ટાટા કોમ્યુનિકેશન્સ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ટાટા ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન, એર ઇન્ડિયા, ટાટા ડિજિટલ, ટાટા ઇલેક્ટ્રોનિક્સ અને અગ્રાટાસ સહિત વિવિધ ટાટા ગ્રુપ વ્યવસાયો ધરાવે છે.

ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સના સંભવિત લિસ્ટિંગ અંગે ટાટાનાં ટ્રસ્ટોમાં મતભેદો વધુ ઘેરા બની રહ્યા હોય તેવું લાગે છે. સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (SDTT) ના વરિષ્ઠ ટ્રસ્ટીઓએ સાથી ટ્રસ્ટીઓ વેણુ શ્રીનિવાસન અને વિજય સિંહ પર બોર્ડના ઠરાવોને અવગણવાનો અને તેમની વિશ્વાસપાત્ર ફરજોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. આ આરોપો નોએલ એન. ટાટા, ડેરિયસ જે. ખંભટ્ટા, નેવિલ ટાટા અને ભાસ્કર ભટ દ્વારા હસ્તાક્ષર કરાયેલા પત્રમાં કરવામાં આવ્યા છે. આ ઘટનાક્રમ ટાટા સન્સના માલિકી માળખા અને લિસ્ટિંગ સ્થિતિ અંગે ટાટા ટ્રસ્ટમાં વધતા મતભેદોને પ્રતિબિંબિત કરે છે. પત્રમાં જણાવાયું છે કે ટાટા સન્સનો અનલિસ્ટેડ દરજ્જો જાળવી રાખવો એ ટાટા ટ્રસ્ટ અને કંપની બંનેની લાંબા સમયથી સ્થાપિત નીતિ રહી છે. માર્ચ ૨૦૨૪ માં ટાટા સન્સ બોર્ડે સર્વસંમતિથી કંપનીને અનલિસ્ટેડ રાખવાનો નિર્ણય લીધો હતો. સર દોરાબજી ટાટા ટ્રસ્ટ અને સર રતન ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પણ સર્વસંમતિથી આ વલણને પુનરાવર્તિત કર્યું અને તેઓ આ મુદ્દા પર RBI સાથે વાતચીત ચાલુ રાખવા સંમત થયા હતા.

ટાટા ટ્રસ્ટના વરિષ્ઠ ટ્રસ્ટીઓએ ૨૮ સપ્ટેમ્બરના રોજ રજૂ કરાયેલા પ્રસ્તાવનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સ સોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ અને ટાટા કન્સલ્ટિંગ એન્જિનિયર્સનું ટાટા સન્સ સાથે વિલીનીકરણ કરવાનું સૂચવવામાં આવ્યું હતું. આને લિસ્ટિંગથી બચવાના સંભવિત વિકલ્પોમાંથી એક માનવામાં આવતું હતું, જે કંપનીને જાહેર લિસ્ટિંગનો આશરો લીધા વિના RBIના નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપની (NBFC) નાં ધોરણોને પૂર્ણ કરવામાં મદદ કરી શકે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ટાટા સન્સ બોર્ડે ટાટાનાં ટ્રસ્ટોને ફક્ત લિસ્ટિંગના વિકલ્પ પર વિચાર કરવાને બદલે તમામ ઉપલબ્ધ વિકલ્પોની તપાસ કરવા કહ્યું હતું. ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે તેઓએ ટાટા સન્સ બોર્ડની અપેક્ષાઓનું પાલન કર્યું છે અને જાહેર લિસ્ટિંગ ઉપરાંતના સંભવિત માર્ગો શોધ્યા છે. ટાટા ટ્રસ્ટો દ્વારા ટાટા સન્સના લિસ્ટિંગને રોકવા માટે જે કોઈ માર્ગો અપનાવવામાં આવે તેમાં RBIની મંજૂરી જરૂરી રહેશે. સરવાળે ટાટા સન્સના લિસ્ટિંગનો સમગ્ર મામલો સરકારના વલણ પર અવલંબિત રહેશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**નોએલ ટાટા દ્વારા લિસ્ટિંગના વિરોધ પાછળની સૌથી મોટી દલીલ એ છે કે તેઓ ટાટા સન્સમાં લગભગ ૬૬ ટકા હિસ્સો ધરાવે છે અને હાલમાં તેની કામગીરી પર તેમનો મહત્તમ અંકુશ છે**

## BUSINESS મિત્ર

# રેપો રેટ વધતા સેન્સેક્સ 429 પોઇન્ટ તૂટ્યો

**શેરબજારમાં** બે દિવસની તેજીને બ્રેક વાગી, રોકાણકારોના રૂ. 3.76 લાખ કરોડ સ્વાહા થયા

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 7:** ભારતીય શેરબજારમાં બે દિવસના સુધારાને બ્રેક વાગી છે. જોકે, આરબીઆઈએ અપેક્ષા મુજબ 25 બેસીસ પોઈન્ટના વ્યાજદરમાં વધારાની સાથે ફુગાવાના અંદાજમાં બજાર તુટી ગયું છે. સેન્સેકસ આશરે 600 પોઈન્ટ ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી 22550 પોઈન્ટ સુધી તુટયો હતો, જે છેલ્લે 22603ના સ્તરે બંધ રહ્યો હતો. આજે લાર્જકેપ શેરોની સાથે બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી જોવા મળી હતી. જેના પરિણામે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 3.76 લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

રેપો રેટમાં વધારાને કારણે ઓટો અને રિયલ્ટી સેકટર પર દબાણ જોવા મળ્યું હતું. રેપો રેટમાં વધારાથી વાહન અને હોમ લોનના હપ્તા મોંઘા થિ શકે છે, જેની અસર આ સેકટર સાથે સંકળાયેલા શેરો પર પણ પડે છે, આ જ સમયે બેન્કીગ શેરોએ બજારને સંભાળવાનો પ્રયાસો કર્યો હતો, પીએસયુ બેન્ક શેરોમાં લેવાલીએ એક ટકા મજબૂત જોવાયા હતા.

### રૂપિયો વધુ 34 પૈસા તૂટયો, 97 તરફ આગેકૂચ

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 96.78 રૂ. |
| યુરો | 107.53 રૂ. |
| પાઉન્ડ | 127.34 રૂ. |
| યેન | 0.6115 રૂ. |

રિઝર્વ બેન્ક દ્વારા 25 બેસીસ પોઇન્ટનો વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હોવા છતાં આજે રૂપિયામાં નરમાઇ આગળ વધી હતી. ડોલર 97 તરફ આગેકૂચ કરી રહ્યા હતા. ડોલરની સામે રૂપિયો 34 પૈસા ઘટીને 96.77ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.43ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.74, પાઉન્ડ 127.34, કેનેડિયન ડોલર 67.67, ઓસ્ટ્રેલિયન ડોલર 66.77, જાપાનીઝય ન 0.6116 અને સીંગાપોર ડોલર 75.60ના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 429.11 પોઇન્ટ એટલે કે 0.59 ટકા ઘટીને 72638.70 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 73018 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72468 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 173.05 પોઇન્ટ એટલે કે 0.76 ટકા ઘટીને 22603.05 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22717 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નાચમાં 22546 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 72.85 પોઇન્ટ એટલે કે 0.13 ટકા ઘટીને 55055.55 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ટીબીઓ ટેક 25.38 ગણા, આલકેમ લેબમાં 8.42 ગણા, એસબીઆઇ કાર્ડસમાં 7.76 ગણા, એરીસ લાઇફ સાયન્સીસમાં 7.49 ગણા અને મેડપ્લસ હેલ્થ સર્વિસીસમાં 5.59 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટીબીઓ ટેકમાં 10.61 ગણા, ચેન્નાઇ પેટ્રોલીયમ કોર્પોરેશનમાં 8.32 ગણા, પીવીઆર આઇનોક્સમાં 7.75 ગણા, ભારતી હેક્ષાકોમમાં 7.12 ગણા અને પીટીસી ઇન્ડ.માં 4.78 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં નજીવો સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.64 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેકસ 0.02 ટકા વધ્યો હતો. આમ છતાં, માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 2018 શેરો વધ્યા હતા, જ્યારે 2353 શેરો ઘટ્યા હતા અને 243 શેરોમાં કોઇ ફેરફાર થયો નહતો.

નિફ્ટી મેટલ ઇન્ડેક્સ 2.33 ટકા ઘટ્યો હતો. જેમાં નેલ્કો, અદાણી એન્ટર, હિન્ડાલ્કો, જિન્દાલ સ્ટેનલેસ, જેએસડબલ્યુ સ્ટીલ, એનએમડીસી, ટાટા સ્ટીલ, જિન્દાલ સ્ટીલ, વેદાન્તા અને સેઇલ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફયુચર્સ 200 પોઇન્ટ જેટલા લાલ નિશાનમાં રહ્યા હતા, જેના લીધે આજે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. યુરપિયન બજારોમાં પણ ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારો પણ નકારાત્મક બંધ રહ્યા હતા. હજુય પણ ચીનના બજારો બંધ રહ્યા હતા. મીડલ ઇસ્ટના પુરવઠા વિક્ષેપો અંગે નવી ચિંતાઓ વચ્ચે ક્રુડના ભાવમાં વધારો થયો છે. ટ્રમ્પે કહ્યું હતું કે, ઇરાન સાથેનું યુદ્ધ સારી રીતે પુર્ણ થશે અને હોર્મુઝની ખાડી પર સપ્લાય પુનઃ શરૂ થશે તેવા અહેવાલોની અસર જોવા મળી નહતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.65 ટકા, કેક 1.40 ટકા અને ડેક્સ 1.25 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.54 ટકા, સ્ટ્રેઇટસ 1.66 ટકા, હેંગસેંગ 0.79 ટકા, તાઇવાન 0.03 ટકા, કોસ્પી 2.02 ટકા અને જકાર્તા 0.75 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -429.11 | 72638.70 |
| નિફ્ટી | -173.05 | 22603.05 |
| બેન્ક નિફ્ટી | -72.85 | 55055.55 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 1.88 | 440.00 |
| બીએસઇ | 1.54 | 3356.00 |
| ભારતી એરટેલ | 1.29 | 1833.90 |
| ICICI બેન્ક | 1.09 | 1357.50 |
| કોલ ઇન્ડિયા | 0.69 | 414.50 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 3.80 | 4377.00 |
| અદાણી એન્ટરપ્રાઇઝ | 3.75 | 2743.00 |
| હિન્ડાલ્કો | 3.15 | 910.85 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.35 | 1230.00 |
| ભારત ઇલે. | 2.35 | 378.30 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 2.21 | 440.80 |
| ભારતી એરટેલ | 1.33 | 1833.00 |
| ICICI બેન્ક | 1.15 | 1357.00 |
| બજાજ ફાઇનાન્સ | 0.24 | 964.10 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 3.52 | 4380.00 |
| ભારત ઇલે. | 2.21 | 378.85 |
| એશિયન પેઇન્ટસ | 2.07 | 2370.00 |
| ઇન્ફોસીસ | 2.06 | 992.10 |
| લાર્સન-ટુબ્રો | 1.96 | 3699.00 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૯૦૦ |
| એસ-30 | ૪૮૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૧૧૫૦ |
| તેજાબી સોનું | ૧૫૧૦૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૩૫૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૮૧૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૧૧૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૫૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૬૫૦૦ |

# મોબાઈલ રિચાર્જ 15% સુધી મોંઘા થવાની તૈયારી

**એરટેલે** ભાવવધારો શરૂ કર્યો, Jio અને Vi પણ ટૂંક સમયમાં દામ વધારશે; ડિસેમ્બર 2026 સુધીમાં ખિસ્સા પર પડશે સીધી અસર

**હવે** ગ્રાહકો નહીં, 'ARPU' વધારવાની રેસ!

મુંબઈ, તા. 7: ટેલિકોમ કંપનીઓ મોબાઇલ રિચાર્જ દરોમાં 15% સુધીનો વધારો કરવાની તૈયારી કરી રહી છે. એરટેલે આજે તેના રિચાર્જ પ્લાનમાં 3 થઈ 10 ટકા સુધીના વધારાની જાહેરાત કરી છે. Jio અને Viના રિચાર્જ પ્લાનમાં પણ વધારો થાય તેવી સંભાવના છે. ડિસેમ્બર 2026 માં મોબાઇલ રિચાર્જ 15% સુધી મોંઘા થઈ શકે છે. જો ટેલિકોમ કંપનીઓ તેમના રિચાર્જ પ્લાનમાં વધારો કરે તો તેની સીધી અસર કરોડો લોકોના ખિસ્સા પર થશે.

બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસ્વાલ ફાઇનાન્શિયલ સર્વિસીસ માને છે કે ડિસેમ્બર 2026 સુધીમાં મોબાઇલ ટેરિફમાં આશરે 15%નો વધારો થઈ શકે છે.

કંપનીઓ માટે ટેરિફમાં વધારો કરવો વધુને વધુ જરૂરી બની રહ્યો છે કારણ કે મોબાઇલ ડેટા વપરાશ સતત વધી રહ્યો છે, પરંતુ પ્રતિ ગ્રાહક આવક એ જ ગતિએ વધી રહી નથી. બીજી બાજુ, કંપનીઓ નેટવર્ક, સ્પેક્ટ્રમ અને નવી ટેકનોલોજીમાં સતત રોકાણ કરી રહી છે. આ સ્થિતિમાં, ટેરિફમાં વધારો એ આવક વધારવાનો સૌથી સીધો રસ્તો બની ગયો છે.

રિલાયન્સ જિયોએ તાજેતરમાં જિયોપ્રાઇમ સભ્યપદ ફરીથી શરૂ કર્યું છે. આ કંપનીની વધારાની આવક વધારવાનો પ્રયાસ હોય તેવું લાગે છે. આને ભવિષ્યમાં મોબાઇલ ટેરિફમાં વધારો થવાના સંકેત તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.

ભારતી એરટેલ પણ ગ્રાહક દીઠ તેની આવક વધારવાનો પ્રયાસ કરી રહી છે. કંપનીએ તેનું એન્ટ્રી-લેવલ દૈનિક અમર્યાદિત ડેટા રિચાર્જ રૂ. 299 બંધ કરી દીધું છે. આનો ઉદ્દેશ્ય ગ્રાહકોને ઉંચા ભાવે રિચાર્જ કરવા અને ગ્રાહક દીઠ આવક વધારવાનો છે.

આવી સ્થિતિમાં, જો બજારમાં રિચાર્જ વધુ મોંઘા થાય છે, તો વીઆઈને પ્રતિ સબ્સ્ક્રાઇબર વધુ આવકનો પણ ફાયદો થશે. આ કંપનીની નાણાકીય સ્થિતિને સ્થિર કરવામાં મદદ કરી શકે છે. જોકે, વીઆઈની પરિસ્થિતિ જિયો અને એરટેલથી અલગ છે, તેથી ટેરિફ વધારાથી ત્રણેય કંપનીઓને સમાન રીતે ફાયદો થશે નહીં.

આગામી મહિનાઓમાં, ટેલિકોમ માર્કેટમાં વાસ્તવિક સ્પર્ધા ફક્ત વધુ ગ્રાહકો ઉમેરવા વિશે નહીં હોય. Jio, Airtel અને Vi વચ્ચે ગ્રાહક દીઠ વધુ આવક અને કિંમત નિર્ધારણ શક્તિ માટે સ્પર્ધા પણ વધુ તીવ્ર બનવાની શક્યતા છે.

# રૂપિયો અંડરવેલ્યુડ હોઈ શકે, પણ ચિંતા કરવાની જરૂર નથીઃ આરબીઆઈ

**વિદેશી** હૂંડિયામણ ભંડોળનો યોગ્ય ઉપયોગ કરી RBI લેશે પગલાં

નવી દિલ્હી, તા. 7: ભારતીય ચલણ રૂપિયો યુએસ ડોલર સામે પોતાના ઓલટાઇમ નીચલા સ્તર તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ દેશવાસીઓ અને રોકાણકારોને આશ્વાસન આપ્યું છે. બુધવારે મુંબઇ સ્થિત સેન્ટ્રલ બેન્કના મુખ્યાલય ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, વિવિધ આર્થિક અંદાજો મુજબ ભારતીય રૂપિયો અંડરવેલ્યુડ હોઇ શકે છે અને રિઝર્વ બેન્ક કરન્સીમાં સ્થિરતા લાવવા તેમજ તેને તેના સાચા મુલ્ય સુધી પહોંચાડવા માટે સંપુર્ણ સમર્થન આપશે.

આજરોજ ઇન્ટ્રાડે ટ્રેડિંગ દરમ્યાન રૂપિયો ડોલર સામે 96.96ના ઓલટાઇમ લો સ્તર તરફ સરકી રહ્યો હતો, ત્યારે સેન્ટ્રલ બેન્કના વડાએ સ્પષ્ટતા કરી હતી કે, ટુંકાગાળામાં નાણાકીય બજારો ઘણીવાર તર્કહીન રીતે વર્તે છે, પરંતુ લાંબા ગાળે તે પોતાની વાસ્તવિક તાકાત મેળવી લે છે. ગવર્નરે ખાતરી આપી હતી કે રિઝ4વ બેન્ક વિદેશી ડિલીંગમાં અતિશય સ્થિરતા રોકવા માટે સતત દેખરેખ રાખી રહી છે અને રૂપિયો તબક્કાવાર રીતે પોતાની મજબૂતી પાછી મેળવે તે માટે વ્યવસ્થિત પગલાં લેવામાં આવી રહ્યા છે.

નોંધનીય છે કે, ચાલુ વર્ષના મોટા ભાગના સમય દરમ્યાન સ્થાનિક કરન્સી દબાણ હેઠળ રહી છે. ખાસ કરીને ફેબ્રુઆરીના અંતમાં પશ્ચિમ એશિયામાં શરૂ થયેલા ભૌગોલિક તણાવ અને યુદ્ધની પરિસ્થિતિને કાણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઇલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો હતો. ભારત તેની જરૂરિયાતનું મોટાભાગનું ક્રુડ આયાત કરતું હોવાથી ક્રુડના વધતા ભાવને કારણે વિદેશી હુંડિયામણ પર સીધું દબાણ સર્જાયું હતું અને રૂપિયો સતત નબળો પડતો ગયો હતો.